દાખલ તારીખઃ- ૦૨/૦૬/૨૦૨૬

રજીસ્ટર તારીખઃ-૦૨/૦૬/૨૦૨૬

ફૈસલ તારીખઃ-૦૮/૦૬/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૦- ૦૦ - ૦૬

**મે. ભાવનગરના અધિક સત્રા ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી) સાહેબની કોર્ટમાં, મુ.તળાજા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર-૮૧/૨૦૨૬**

**આંક-**

**અરજદાર/આરોપીઃ-**

જ્ઞાનબા જોરૂભા ગોહિલ

ઉ.આ.વ.-૪૨, ધંધો-ઘરકામ,

રહે.-રાળગોન, તા.તળાજા, જિ. ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત અરજી.**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.એમ.ચૌહાણ, વિ.વ.શ્રી એ.પી.ચૌહાણ</u>**

**<u>સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણી</u>**

## :: જજમેન્ટ ::

**(૧)** જામીનઅરજી, અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા, ઓથોરીટી વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એમ.ચૌહાણને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણીને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૧૬૩/૨૦૨૬ (તા.૨૬/૦૫/૨૦૨૬) ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૮૫, ૧૦૮, ૫૪ મુજબનાં ગુન્હાના કામે ત.ક.અમલદારનાઓ અરજદારની ખોટી રીતે ધરપકડ કરે તેવી પૂરેપૂરી પાકી અને વાજબી દહેશત હોઇ, જો અરજદારની ધરપકડ કરવાનો અવસર ઉપસ્થિત થાય તો ત.ક.અ.શ્રી અરજદારને યોગ્ય રકમના જામીન લઇ જામીન પર મુકત કરે તેવો હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઇ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લઇ ધ્યાને લીધેલ છે.

**(૩)** અરજદાર/આરોપી સામેનાં મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની બહેન હિનાબા ઉપર આડા સંબંધો રાખવાના આક્ષેપો કરી, મહેણા ટોણા મારી, શારીરિક માનસિક ત્રાસ આપી, મરવા માટે મજબુર કરતાં, હિનાબાએ તા. ૧૯/૦૪/૨૦૨૬ રોજ ૨૦/૩૦ થી ૨૦/૪૫ વાગ્યાના અરસામાં ખંઢેરા ગામે તેના સાસરીના ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરેલ. આમ, અરજદાર તથા અન્ય આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મરણ જનારને મરવા માટે મજબુર કરી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

**(૪)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એમ.ચૌહાણે દલીલ કરતાં જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. સદર કામે ફરિયાદ ૩૭ દિવસના વિલંબ બાદ આપવામાં આવેલ છે, જે વિલંબ અંગે ફરિયાદમાં કોઇ સબળ ખુલાસો કરવામાં આવેલ નથી. અરજદારને રાગદ્વેષ રાખી ખોટી રીતે હાલના ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. અરજદારે ગુજરનારને કયારેય શારીરિક માનસિક ત્રાસ આપેલ નથી. અરજદાર ગુજરનારના નણંદ થાય છે. અરજદારના લગ્ન ૨૫ વર્ષથી થઇ ગયેલ હોઇ, ગુજરનાર સાથે અરજદાર રહેતા ન હોઇ, અરજદારે ગુજરનારને આડા સંબંધો રાખવાના આક્ષેપો કરી, મહેણા ટોણા મારી, ત્રાસ આપવા અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બનાવના દિવસે અરજદાર

ગુજરનારને મળેલ નથી. અરજદાર રાળગોન ગામના કાયમી રહેવાસી છે. ટ્રાયલ દરમિયાન અરજદારની હાજરી મળી ન આવે તેવા કોઇ સંજોગો નથી. અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. જો અરજદારની સદર ગુનાના કામે ધરપકડ કરવામાં આવે તો અરજદારની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. અરજદાર પોલીસ તપાસમાં સહકાર આપવાની ખાત્રી આપે છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી, સદર તમામ હકીકતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે એ.આઇ.આર.૨૦૧૧ સુ.કો. ૩૧૨ **'' સિધ્ધરામ સતલિંગપ્પા મ્હેત્રો વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ''** ના ચુકાદામાં આગોતરા જામીન સભંધે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

**(૪.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણીએ જામીન અરજીનો વિરોધ કરી મહદ્અંશે પોલીસ પેપર્સની હકીકતો રીફર કરી રજૂઆત કરેલ છે કે અરજદારે અન્ય આરોપીઓ સાથે મળી ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની બહેન હિનાબા ઉપર આડા સંબંધો રાખવાના આક્ષેપો કરી, મહેણા ટોણા મારી, શારીરિક માનસિક ત્રાસ આપી, મરવા માટે મજબુર કરેલ હોઇ, અરજદાર વિરુધ્ધ ફરિયાદ મુજબ ગંભીર પ્રકારનો પ્રથમદર્શનીય ગુનો બને છે. હાલ પોલીસ તપાસ ચાલુ હોઇ, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાથી અરજદાર પોલીસ તપાસમાં સહકાર ન આપે તેવી શકયતા રહેલ છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઇ અરજદારની હાલની જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઇપણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાના કામે રજૂ આગોતરા જામીન અરજી નિર્ણિત કરતી વખતે આક્ષેપિત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઇ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, ગુનાના કામે અરજદાર/આરોપીની ભૂમિકા, અરજદાર/આરાપીનો પૂર્વ ઇતિહાસ, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાથી પોલીસ તપાસને થનાર અસર, સમાજ પર ગુનાની અસર વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરિયાદની હકીકત મુજબ,

અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની બહેન હિનાબા ઉપર આડા સંબંધો રાખવાના આક્ષેપો કરી, મહેણા ટોણા મારી, શારીરિક માનસિક ત્રાસ આપી, મરવા માટે મજબુર કરતાં, હિનાબાએ તા. ૧૯/૦૪/૨૦૨૬ રોજ ૨૦/૩૦ થી ૨૦/૪૫ વાગ્યાના અરસામાં ખંઢેરા ગામે તેના સાસરીના ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરેલ. આમ, અરજદાર તથા અન્ય આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મરણ જનારને મરવા માટે મજબુર કરી, અરજદાર સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આમ, ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ, અરજદાર વિરુધ્ધ ફરિયાદ મુજબનો પ્રથમમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઇ આવે છે. વધુમાં, ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ હાલ સદર ગુનાના કામે પોલીસ તપાસ ચાલુ હોઇ, અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવાથી પોલીસ તપાસને વિપરીત અસર થવાની શકયતા નકારી શકાય તેમ નથી. જેથી, સદર તમામ હકીકત લક્ષમાં લેતાં, અરજદાર/આરોપીની તરફેણમાં આગોતરા જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવાનું યોગ્ય અને વાજબી જણાતું ન હોઇ, અરજી લગત ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુકમ :: -**

અરજદાર/આરોપી જ્ઞાનબા જોરૂભા ગોહિલ, રહે.-રાળગોન, તા.તળાજા, જિ. ભાવનગરનાઓની દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૧૬૩/૨૦૨૬ (તા.૨૬/૦૫/૨૦૨૬) ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૮૫, ૧૦૮, ૫૪ મુજબનાં ગુન્હાના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન પર મુકત થવા માટેની હાલની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૮ મી, માહે-જુન, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને, જાહેર કર્યો.

તા.-૦૮/૦૬/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર, મુ.તળાજા.
**(જીજે૦૦૫૭૮)**